Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/10552

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૫/૦૭/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક માધ્યમિક શાળાઓ તરફ

અગ્ર સચિવશ્રી,આરોગ્ય વિભાગ અને સચિવશ્રી પ્રાથમિક અને માધ્યમિક વિભાગ કમિશનરશ્રી આરોગ્ય, તબીબ સેવાઓ અને તબીબી શિક્ષણ,ગાંધીનગર નાં પત્ર ક્રમાંક/પ.ક/૨૨-૨૩/ઈમ્યુ/સાર્વત્રિક રસીકરણ/Td/103/૨૨તા.૧૩/૦૭/૨૦૨૨ સંદર્ભે ૧૦ અને ૧૬ વર્ષ ઉમર ધરાવતા બાળકોનું ટી.ડી.વેક્સીનેશન માટે કરવાની થતી કામગીરી મુજબ આયોજન કરવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

નં.પ.૬/૨૨-૨૩/ઇમ્યુ./સાર્વત્રિક રસીકરણ/Td/૧૦૩/૨૨
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,(આ.વિ)
બ્લોક નં-પ,ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. ૩૮૨ ૦૧૦
તા.13/07/2022

---

પ્રતિ,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,તમામ
મેડિકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય: સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત ૧૦ અને ૧૬ વર્ષ ઉમર ધરાવતા બાળકોનું ટી.ડી. વેક્સીનેશન માટે સહકાર આપવા બાબત.

ભારત સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં ધનૂર(TT) રસીની જગ્યાએ ધનૂર અને ડિપ્થેરિયા (Td) રસીનો સમાવેશ કરવાનો નિર્ણય ૨૦૧૯માં લેવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં ધનુર અને ડિપ્થેરિયાના કેસોને અસરકારક રીતે નિયંત્રિત કરવા માટે રાજયના 10 વર્ષ અને 16 વર્ષના તમામ બાળકોનું વહેલી તકે Td વેક્સીનેશન સુનિશ્ચિત કરવુ ખુબ જ અનિવાર્ય છે. વધુમાં,રાજ્યમાં હવે શાળાઓ શરૂ થતા 10 અને 16 વર્ષના નિયત વયજૂથના બાળકોનું (ધોરણ 5 અને ધોરણ 10 માં અભ્યાસ કરતા) adolescent Immunization શાળાઓમાં સુદ્રઢ કરવા શિક્ષણ વિભાગની ભુમિકા ખુબ જ મહત્વપૂર્ણ છે.

RBSK પ્રોગ્રામના સહયોગથી શાળાએ જતા ધોરણ ૫ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતા (10 અને 16 વર્ષના) બાળકોને માસ ઓગસ્ટ- સપ્ટેમ્બરમાં મહત્તમ રીતે આવરી શકાય તે પ્રમાણેનું આયોજન કરવાનું આરોગ્ય વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ તમામ જિલ્લા/કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓએ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રી સાથે સંકલન કરી તમામ શાળાઓમાં પુરતો સહયોગ મળી રહે તે મુજબનું પ્લાનીંગ કરવાનું રહેશે.

૪૩૭૨
આ.૨

ઉક્ત બાબત અંગે સહયોગ આપવા સંબંધિત તમામ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીને આપશ્રીની કક્ષાએથી યોગ્ય સુચના આપવા તેમજ આ સાથે સામેલ પત્રકમાં જણાવ્યા મુજબની કામગીરીનું અમલીકરણ સુનિશ્ચિત કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

બિડાણ:

- શિક્ષણ વિભાગ દ્વારા કરવાની થતી કામગીરી

સચિવશ્રી
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ

અગ્ર સચિવશ્રી
આરોગ્ય વિભાગ

**નકલ સવિનય રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય), ગાંધીનગર

**નકલ રવાના:**

- મિશન ડાયરેક્ટરશ્રી, NHM, ગુજરાત
- કમિશનરશ્રી, શાળાઓ, 9/1, ડૉ જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર
- કલેક્ટરશ્રી, તમામ
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, તમામ
- જિલ્લા વિકાસ અધિકારી, તમામ
- અધિકનિયામક શ્રી, તમામ
- વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ
- પ્રોગ્રામ ઓફિસરશ્રી, RBSK

## શિક્ષણ વિભાગ દ્વારા કરવાની થતી કામગીરી

1. આ કામગીરીના સુચારૂ રૂપે આયોજન કરવા માટે દરેક સ્કુલ વાઈસ 10 અને 16 વર્ષના નિયત વયજુથના(ધોરણ 5 અને ધોરણ 10 માં અભ્યાસ કરતા) બાળકોનું લીસ્ટ આરોગ્ય વિભાગના અધિકારીશ્રી/ કર્મચારીશ્રીને માસ જુલાઈ અંતિત આપવાનું રહેશે.

2. જિલ્લા/કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રી સાથે સંકલન કરીને આરોગ્ય વિભાગના પ્લાનિંગ મુજબ વેક્શીનેશનની કામગીરીમાં સહયોગ આપવાનો રહેશે.

3. સ્કુલમાં વેક્સીનેશનની કામગીરી કરવાની થતી હોઈ દરેક સ્કુલમાંથી એક નોડલ શિક્ષક નિયુક્ત કરવાના રહેશે.

4. Td વેક્સીનેશનની અગત્યતા અંગે દરેક બાળકોના વાલીઓને જાગ્રુત કરવાના હેતુસર દરેક શાળામાં જુલાઈ માસમાં પેરેંટ્સ –ટીચર મિટિંગનું આયોજન કરવાનું રહેશે અને તેનું પ્લાનિંગ આરોગ્ય વિભાગને અગાઉથી મોકલી આપવાનું રહેશે.

5. વેક્સીનેશન માટે ત્રણ રૂમ (રજીસ્ટ્રેશન રૂમ, વેકસિનેશન/ રસીકરણ રૂમ અને ઓબઝર્વેશન રૂમ)ની વ્યવસ્થા કરવાની રહેશે.

6. દર વર્ષે શાળાઓમાં જુન- જૂલાઈ મહિના (ઉઘડતી શાળા) માં Td10/Td 16 રસીકરણની કામગીરી આર.બી.એસ.કે ટીમ સાથે સંકલનમાં સઘન કામગીરી કરવાની રહેશે .